ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૧/૩૪૬૮-૩૫૦૩.
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા.૨૮/૦૬/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ,
ગુજરાત રાજય.

વિષય :- માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક વર્ષ-૨૦૨૧-૨૨ માં ધોરણ-૯ અને ધોરણ-૧૧ માં પ્રવેશ કાર્યવાહી બાબત.

સંદર્ભ :- (૧) અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/૨૨૦૦-૩૬ તા.૧૯/૦૬/૨૦૧૯

(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૨૦/૯૮૩/છ તા.૨૨/૦૬/૨૦૨૧

(૩) અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/શા.નિ./૨૦૨૧/૨૩૦૭-૪૦ તા.૨૨/૦૬/૨૦૨૧

(૪) અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૧/૩૪૩૨-૬૭ તા.૨૫/૦૬/૨૦૨૧

(૫) ગુજરાત રાજય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળની તા.૨૬/૦૬/૨૦૨૧ ની રજૂઆત.

(૬) અત્રેની કચેરીના પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૧૨૯૭ તા.૨૬/૦૪/૨૦૨૦

શ્રીમાન,

ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, સંદર્ભ પત્ર-૪ થી રાજયમાં આવેલી માધ્યમિક વિભાગના ધોરણ-૯ માં પ્રવેશ માટે બેઠકોની સંખ્યા ૭૫ કરવામાં આવેલ છે અને તે મુજબ પ્રવેશ કાર્યવાહી કરવા જણાવેલ છે. સંદર્ભ પત્ર-૫ થી ગુજરાત રાજય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ દ્વારા ધોરણ-૯ ના વર્ગોમાં ૭૫ કે તેથી વધુ પ્રવેશ આપવામાં આવે તો અનુદાનિત માધ્યમિક શાળાના ધોરણ-૯ ના વર્ગો બંધ થઈ શકે જેથી ધોરણ-૯ ના પ્રવેશ અંગે સ્પષ્ટતા કરવા જણાવેલ.

સંદર્ભ પત્ર-૪ થી પ્રવેશ અંગે આપેલ સુચનાઓ ધ્યાને લેતા જો પ્રવેશની સમસ્યા ઉપસ્થિત થાય તેવા સંજોગોમાં જ ૭૫ કે તેથી વધુ સંખ્યા ભરવાની જોગવાઈ થયેલ છે. વધુમાં, સંદર્ભ પત્ર-૪ થી ધોરણ-૧૧ ના પ્રવેશ અંગે જરૂરી સુચનાઓ આપવામાં આવેલ છે અને ધોરણ-૯ માટે ઉક્ત પરિપત્રમાં સ્પષ્ટતા આ મુજબ "શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ દરમિયાન ધોરણ-૯ ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશનથી પાસ જાહેર કરેલ હતા અને આ તમામ વિદ્યાર્થીઓ શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ દરમિયાન ધોરણ-૧૦ માં પ્રવેશ કાર્યવાહી કરેલ હતી. તે જ પ્રમાણે શૈક્ષણિક વર્ષ-૨૦૨૧-૨૨ દરમિયાન આયોજન પૂર્વક ધોરણ-૯ ના વિદ્યાર્થીઓને ધોરણ-૧૦ માં પ્રવેશ અંગેની કાર્યવાહી કરશો." કરેલ છે. જે ધ્યાને લઈ ધોરણ-૯ ધરાવતી શાળાઓની સંખ્યામાં અસર ન થાય તે રીતે પ્રવેશ કાર્યવાહી કરવાની રહેશે. જેથી અનુદાનિત શાળાઓ માટે બિનજરૂરી સ્પર્ધા ઊભી ન થાય તેની કાળજી લેશો.

આમ, હાલની કાર્યરત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કાર્યરત વર્ગોમાં વિદ્યાર્થી સંખ્યાને અસર ન પહોંચે તે જોવા માટે શિક્ષણ નિરીક્ષક અને મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રીઓને યોગ્ય સુચનાઓ આપશો.

(ડી. એસ. પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

ક્રમાંક:મા-૧/પરિપત્ર/૨૦૨૧/8102
જિલ્લા શિક્ષણધિકારીની કચેરી
સુરત, જિ.સુરત.
તા.28/૦૬/૨૦૨૧

નકલ રવાના જાણ તથા અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ.-સુરત

પ્રતિ,
આચાર્યશ્રી, તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ,
જિલ્લો-સુરત.